## સંક્ષિપ્ત સમાચાર

### બોડેલી ખાતે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા એક દિવસીય ટ્રેનર રિફ્રેશ તાલીમ યોજાઈ

**બોડેલી :** ગુજરાત રાજ્ય યોગ બોર્ડ રમત ગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ અંતર્ગત છોટાઉદેપુર જિલ્લા કક્ષાની એક દિવસીય યોગ ટ્રેનર રીફ્રેશ તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ઉર્જાવાન એવા ચેરમેન યોગ સેવક શિશપાલજીના માર્ગદર્શન હેઠળ છોટાઉદેપુર જિલ્લા કક્ષાની ટ્રેનર રિફ્રેશ તાલીમ શેઠ ડી.સી. કાપડિયા કોલેજ બોડેલી ખાતે રાખવામાં આવી હતી. આ તાલીમમાં યોગ શિક્ષકોને છોટાઉદેપુર જિલ્લામાં વધારેમાં વધારે ક્લાસ ચાલુ કરવા માટે પ્રેરણા આપવામાં આવી હતી. તેમને યોગ, પ્રાણાયામ, એક્ચ્યુપેશર, યોગનિંદ્રા, મેડીટેશન, તાલીમ આપવામાં આવી હતી.

### "ગાવ ચલો અભિયાન" કાલોલ દ્વારા ભાજપ સ્થાપના દિવસની ઉજવણી માટે બેઠક

**કાલોલ :** પંચમહાલ જિલ્લા કાર્યાલય "શ્રી કમલમ્" ખાતે આગામી 6 એપ્રિલના રોજ વિશ્વની સૌથી મોટી પાર્ટી ભારતીય જનતા પાર્ટીના સ્થાપના દિવસની ઉજવણી તેમજ "ગાવ ચલો અભિયાન" "વસ્તી સંપર્ક" સહિત વિવિધ કાર્યક્રમો અંતર્ગત જિલ્લા પ્રભારી ભરતભાઈ ડાંગર,જિલ્લા પ્રમુખ અશ્વિનભાઈ પટેલ ની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ જેમાં કાલોલ વિધાનસભાના ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ તાલુકા પ્રમુખ મહિદીપ ગોહિલ, કાલોલ નગર પાલિકા પ્રમુખ હસમુખભાઈ મકવાણા ઉપપ્રમુખ ગૌરાંગભાઈ દરજી અને ડો યોગેશ પંડ્યા સહિત સંગઠનના હોદ્દેદારો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

### વોર્ડ નંબર ૬માં ટીમ સહાય દ્વારા ૨૫ વિદ્યાર્થીઓને સ્કૂલ બેગનું વિતરણ કરાયું

**વડોદરા :** વોર્ડ નંબર ૬ માં ચામુંડા નગર મુકામે ટીમ સહાય ના જયેશ મિસ્ત્રી તેમજ " આર.એ. બેક. ઓફિસ સર્વિસિસ પ્રાઇવેટ લિમિટેડ ( Part of PIB group ) ના વિપુલભાઈ ભ્રમભટ્ટ દ્વારા ચેરિટી ડ્રાઇવ અંતર્ગત શ્રમજીવી પરિવારો ના ૨૫ વિદ્યાર્થીઓ માટે સ્કૂલ બેગ નું વિતરણ કરવામાં આવ્યું, સેવાકિય કાર્ય માં હીરાભાઈ કંજવાની, અનિલભાઈ કોડવાની , વિનોદભાઈ કદમ , આકાશભાઈ ગોદરિયા , ચામુંડા નગર ના સ્થાનિક રહીશો , વિદ્યાર્થીઓ સાથે સંસ્થા ના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા.સ્કૂલ બેગ ની સહાય મેળવી વિદ્યાર્થીઓ એ આયોજકો નો આભાર માન્યો હતો.

### રાજ્યના ૮ જિલ્લાની કોર્ટ પરિસરમાં વકીલો માટે અલાયદી બેઠક વ્યવસ્થા બનાવાશે

**આણંદ :** પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતની કુલ ૮ જિલ્લાની કોર્ટ જ્યુડીસરીની કોર્ટ પરિસરમાં વકીલોને બેસવા માટે અલાયદી બેઠક વ્યવસ્થા બનાવવામાં આવશે. આ બિલ્ડીંગના બાંધકામ માટે કુલ રૂ. ૮૨ કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવી છે. મંત્રશ્રીએ કહ્યું કે, ગુજરાતમાં વકીલાત કરતા વકીલોની સતત ચિંતા રાજ્ય સરકાર કરી રહી છે. તેમના હિત માટે રાજ્ય સરકાર દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. આગામી સમયમાં રાજ્ય સરકાર દ્વારા વકીલ મિત્રો માટે કોર્ટ પરિષદમાં એક અલાયદી બેઠક વ્યવસ્થા કરવામાં આવશે. તેમના માટે કાર્ટ પરિષદમાં જ એક અલાયદા બેઠક વ્યવસ્થા બનાવવામાં આવશે તેમ તેમણે ઉમેર્યું છે. જે અંતર્ગત જામનગરમાં રૂ. ૩૨.૪૦ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ગાંધીનગરમાં રૂ. ૭.૨૦ કરોડ, ભાવનગરમાં રૂ. ૧૪.૪૩કરોડ, મોરબીમાં રૂ. ૭.૭૮ કરોડ, મહિસાગર-લુણાવાડામાં રૂ. ૧.૫૪ કરોડ, નડિયાદ- ખેડામાં રૂ. ૯.૮૨ કરોડ, આણંદ-બોરસદમાં રૂ. ૩.૨૩ કરોડ તથા છોટા ઉદેપુરમાં રૂ. ૫.૬૦ કરોડ મંજૂર કરાયા છે.

### સમુહ લગ્નના આયોજકોએ કાયદા મુજબ પાત્રતા ઘરાવતાને જ સમુહ લગ્નમાં નોંધવા અનુરોધ

**આણંદ :** ૧૮ વર્ષથી નીચેની યુવતી અને ૨૧ વર્ષથી નીચેના યુવકના લગ્ન કરાવવા, કરવા કે લગ્ન કરવામાં મદદગારી કરવી એ બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ - ૨૦૦૬ મુજબ ફોજદારી ગુનો બને છે. જો આવા લગ્ન કરાવવામાં આવે તો વર-કન્યાના માતા-પિતા, વર અને કન્યામાંથી જે પુખ્ત વયનું હોય તે ગોર મહારાજ, લગ્નમાં સહભાગી થનાર તમામ લોકો સામે ફોજદારી ગુનો બને છે. સમુહ લગ્નના આયોજકોએ સમુહ લગ્નમાં જોડાનાર વરઘોડીયા ના જન્મ તારીખના દાખલાની ચકાસણી કરી અને કાયદા મુજબ પાત્રતા ઘરાવતા હોય તેવા છોકરા- છોકરીઓના લગ્ન કરવા વિનંતી કરવામાં આવે છે.

---

**પત્નિ વારંવાર પતિ સાથે કંકાસ થતા કંટાળી ગઈ હતી**

# વેમાલી ગામે પત્નિએ પતિને દુપટ્ટાથી ફાંસો આપીને હત્યા કરતા ચકચાર

**પતિ** પોતાની સગી દીકરીઓને હેરાન પરેશાન કરતો હતો

(પ્રતિનિધિ) સાવલી , તા. 2

સાવલી તાલુકાના મંજુસર પોલીસ મથકની હદમાં આવતા વેમાલી ગામે ઘર કંકાસથી કંટાળીને આવેશમાં આવી ઉશ્કેરાઈ ને પત્નીએ પતિને દુપટ્ટા વડે ફાંસો આપીને હત્યા કરી દેતા ચકચાર મચી જવા પામી છે મંજુસર પોલીસે હત્યા નો ગુનો નોધી તપાસ હાથ ધરી છે.

સાવલીના મંજુસર પોલીસ મથકે સંગીતા બેન જયંતિભાઈ રાઠોડીયા રહે નાનીભાડોલ તા સાવલી એ પોતાની ફરિયાદ માં નોંધાવ્યું છે પોતાના ભાઈ ની પત્ની જ્યોતિબેન વેમાલી ગામે રહેતા હતા તેવામાં તેમની ભાભીનો ફોન આવ્યો હતો કે મારા પતિ બોલતો નથી અને હાલતા ચાલતા નથી જેથી તમે આવો અમે દવાખાને લઈ જઈએ છે ફોનની ગંભીરતાને સમજીને ફરિયાદી સંગીતાબેન પોતાના ગામ નાની ભાડોલથી વેમાલી ગામે પહોંચ્યા હતા જ્યાં પોતાનો ભાઈ મૃત હાલતમાં પડ્યો હતો મૃતક સંજયભાઈ કાંતિભાઈ રાઠોડિયા રહે વેમાલી ભાગોળ ફળિયું તા જી વડોદરા ના મરણના પગલે સંગીતા બેને પોતાના ભાઈ ના મરણ નું કારણ પોતાના ભાભી જ્યોતિ બેન ને પૂછ્યું હતું તો જણાવ્યું હતું કે વારંવાર પતિ પત્ની વચ્ચે ઝઘડો થતો હતો અને ઘર કંકાસથી પોતે કંટાળી ગઈ હતી સાથે સાથે મૃતક પોતાની સગી દીકરીઓ ને હેરાન પરેશાન અને અડપલા કરતો હતો તેથી ઉશ્કેરાઈ જઈને મૃતક ની પત્ની જ્યોતિબેને દુપટ્ટા વડે ફાંસો આપીને મૃત્યુની નીપજાવ્યું હતું અને હત્યા કરી હતી ફરિયાદીની ફરિયાદના આધારે આરોપી પત્ની જ્યોતિબેન સંજયભાઈ રાઠોડ રહે વેમાલી ભાગોળ ફળિયું તા જી વડોદરા સામે ફરિયાદ નોંધાવતા મંજુસર પોલીસે આરોપી પત્ની વિરુદ્ધ હત્યા નો ગુનો નોંધી ઝડપીને જેલ ભેગી કરી છે બનાવના પગલે સમગ્ર વિસ્તારમાં ચર્ચાનો વિષય બન્યો છે.

પતિ પત્નિ સાથે વારંવાર કંકાસ થતા કંટાળી ગઈ હતી. તેમજ પતિ પોતાની સગી દીકરીઓને હેરાન પરેશાન કરતો હતો. જેથી પત્નિ ઉશ્કેરાઈને પતિને દુપટ્ટા વડે ફાંસો આપીને હત્યા કરી હતી.

---

**પ્રતિબંધ ઉઠે તો પ્રવાસીઓ ફરી આવતા થાય, મામલતદારને આવેદનપત્ર અપાયું**

# દિવેર મઢી નર્મદા નદીમાં નાહવા પર પ્રતિબંધથી 200 પરિવારો બેરોજગાર

**નર્મદા નદીના** પાણીમાં નહાવા માટે તત્કાલ ખુલ્લુ મુકાય એવું લેખિતમાં જિલ્લા મેજિસ્ટ્રેટને આવેદનપત્ર અપાયું



(પ્રતિનિધિ) શિનોર , તા. 2

વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના દિવેરના મઢી પાસેના નર્મદા નદીના પાણીમાં નહાવા પર પ્રતિબંધ મૂકતું જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામું બહાર પડાયું છે, તેને તાત્કાલિક ઉઠાવી લેવા અને દિવેર મઢી નર્મદા નદીના પાણીમાં નાહવા માટે છૂટ આપવા દિવેર ગામના ગ્રામજનો દ્વારા શિનોર તાલુકા સેવા સદન ખાતે મામલતદાર કચેરીમાં લેખિત આવેદનપત્ર આપવામાં આવ્યું છે.

શિનોર તાલુકાના નર્મદા નદીના કિનારે દિવેર મઢી ખાતેના નર્મદાના પાણીમાં દૂર દૂરથી પ્રવાસીઓ સ્નાન કરવા સાથે પીકનીકની મોજ માણવા આવતા હતા. નર્મદા નદીનો મઢી ખાતેનો પટ વિશાળ હોય અને નર્મદા નદીનું પાણી ક્યાંક છીછરૂ તો ક્યાંક ઊંડું હોય તેવા આ સ્થળમાં નાહવા પડતા સહેલાણીઓ ડૂબી જવાના અવારનવાર બનાવો બનતા વડોદરા જિલ્લા કલેકટર દ્વારા અહીં નાહવા ઉપર તારીખ 1/ 4 /2025 સુધીનું પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું.

છેલ્લા ઘણા વર્ષથી નર્મદા નદીનો દિવેર મઢી ખાતેનું સ્થળ પ્રવાસીઓ માટે એક દિવસીય પ્રવાસ પ્રવાસ સ્થળ માટે ખૂબ જાણીતું હતું. નર્મદા નદીનું પાણી ક્યાંક છીછરૂ તો ક્યાંક ઊંડું હોય તેને કારણે દિવેર ગામના 200 પરિવારજનો રોજીરોટી મેળવતા હતા. પ્રતિબંધિત જાહેરનામાને કારણે દિવેર ગામના રોજીરોટી મેળવતા પરિવારજનો બેરોજગાર બન્યા છે.

---

# જબુંગામ CHC હોસ્પિટલ ખાતે ગાયનેકોલોજીસ્ટ ડોક્ટર નિયુકત

(પ્રતિનિધિ) બોડેલી , તા. 2

જબુગામ રેફરલ હોસ્પિટલ એન્ડ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખૂબ જ લાંબા સમય બાદ ગાયનેકોલોજીસ્ટ ડોક્ટર હાજર થતા પ્રસુતિ ને લગતા તમામ દર્દીઓને રાહતનો અનુભવ થશે ડોક્ટર મૌરવી દિલીપ દેવડા હાલ જબુગામ સામૂહિક આરોગ્ય કેન્દ્ર એન્ડ રેફરલ હોસ્પિટલ ખાતે ગાયનેકોલોજિસ્ટ ડોક્ટર તરીકે ફરજ બજાવવા માટે હાજર થયા છે ગત શુક્રવારના રોજ તેઓ હાજર થયા હતા તેની જાણ થતા જ આસપાસ ના લોકોને રાહતનો અનુભવ થયો છે કેમકે જબુગામ હોસ્પિટલ એટલે સ્ત્રી નિષ્ણાંત હોસ્પિટલથી પ્રખ્યાત છે મધ્યપ્રદેશ સુધીના દર્દીઓ અહીં પ્રસુતિ અર્થે આવતા હતા પરંતુ છેલ્લા એક વર્ષ થી જબુગામ હોસ્પિટલ ખાતે ગાયનેકોલોજિસ્ટ ડોક્ટર ન હતા જેથી કરીને દર્દીઓને ખૂબ જ હાલાકીનો સામનો કરવો પડતો હતો અને ડીલેવરી તથા સીઝર માટે ખાનગી

હોસ્પિટલમાં લાંબુ થવું પડતું હતું અને ત્યાં ખૂબ જ મોટી રકમ નો ખર્ચ થતો હતો છોટાઉદેપુર જિલ્લામાં ગરીબ આદિવાસી વિસ્તાર હોવાના કારણે લોકોને ખર્ચાળુ હોસ્પિટલો માં જવું પસંદ નથી સરકારી હોસ્પિટલમાં આ બધી સુવિધાઓ થતા લોકોને રાહતનો અનુભવ થઈ રહ્યો છે

એવું લાગી રહ્યું છે કે આજુબાજુના વિસ્તારમાં લોકોને ખબર પડતાની સાથે જ ફરી એકવાર જબુગામ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ફરી ધગધગી ઉઠશે ઘણા સમયથી ત્યાં સન્નાટો જોવા મળી રહ્યો હતો.

# બોડેલીના ચલામણી વિસ્તારમાંથી જુગાર રમતા 5 ઝડપાયા

(પ્રતિનિધિ) બોડેલી , તા. 2

બોડેલીના ચલામણી આઉટ પોસ્ટ વિસ્તારમાંથી જુગાર રમતા પાંચ ઈસમોને પકડી પાડી ૧૨,૫૦૦/નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

મોજે કોસિદ્રા સુકલી કોતરડી ગામે જવાના રસ્તા ઉપર આવેલા નાળાની બાજુમાં ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો ટોર્ચના અજવાળે પત્તા-પાના વડે હારજીતનો જુગાર રમી રમાડે છે કોરસિંદ્રા ગામે સુકલી કોતરડી જવાના રસ્તા ઉપર આવેલ રેઇડ કરતા પત્તા-પાના વડે હારજીતનો જુગાર રમતા કુલ પાંચ ઈસમોને પકડી પાડી રોકડા રૂપિયા કુલ કિં રૂ.૧૨,૫૫૦/- નો મુદામાલ કબજે કરી કુલ પાંચ ઈસમો વિરૂધ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરેલ છે પકડાયેલ આરોપીઓ (૧) ભલાભાઇ ભીખાભાઇ નાયક (૨) સિતષભાઇ ઉંફે ગલો સોમાભાઇ નાયકા (૩) અજુનભાઇ કંચનભાઇ નાયકા (૪) શીવાભાઇ ચનુભાઇ યાદવ આરોપી ઝડપાયા હતા.

# રાણા સાંગા વિશે એલફેલ બોલનાર સાંસદ સામે કાર્યવાહી કરો, રાજપૂત સમાજ

**બોડેલી** પ્રાંત અધિકારીને છોટાઉદેપુર જિલ્લા રાજપૂત સમાજ દ્વારા આવેદનપત્ર અપાયું

(પ્રતિનિધિ) બોડેલી , તા. 2

રાજપુત સમાજ તથા હિન્દુ ધર્મના રક્ષક રાણા સાંગા પ્રત્યે અભદ્ર ટિપ્પણી કરનાર સમાજવાદી પાર્ટીના નેતા સાંસદ રામજીલાલ સુમનને તત્કાલ ધોરણથી હોદ્દા પરથી હટાવવા બોડેલી ખાતે પ્રાંત અધિકારીને આવેદન આપવામાં આવ્યું હતું.

છોટાઉદેપુર જિલ્લાના રાજપૂત સમાજનાં વિવિધ સંગઠનો તરફથી આવેદનપત્રમાં જણાવવામાં આવ્યું છે કે તારીખ 21-3-2025ના રોજ રાજ્યસભામાં સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય સચિવ તથા રાજ્ય સભાના સાંસદ રામજીલાલ સુમન દ્વારા વીર શિરોમણી રાણાસાંગા (સંગ્રામસિંહ ) ના સંદર્ભે અભદ્ર ટિપ્પણી કરી ગદ્દાર જેવા શબ્દોનો ઉપયોગ કરાયો હતો. તેમણે જે વાત રજૂ કરી તે સત્યથી સર્દતર વેગળી અને પાયાવિહોણી છે. આ રાજ્યસભાના સાંસદ દ્વારા રાજ્યસભાની ગરિમાને લાંછન લગાડાયું છે. સમગ્ર હિન્દુ સમાજ તેમજ રાજપૂત સમાજનું અપમાન કર્યું છે. જે અત્યંત દુ:ખદાયક છે. આ અભદ્ર ટિપ્પણીને સમગ્ર હિન્દુ સમાજ તેમજ રાજપુત સમાજ વખોડી કાઢે છે. સરકાર દ્વારા સમાજવાદી પાર્ટીના રામજીલાલ સુમન દ્વારા કરાયેલી અભદ્ર ટીપ્પણીને ધ્યાનમાં લઈ તે બાબતે કાયદેસરની કાર્યવાહી કરવી જોઈએ. દેશના નાગરિકો જ્યારે ભાઈચારાથી રહેતા હોય ત્યારે આવા સત્તા ભૂખ્યા રાજકીય આગેવાનોને સરકાર દ્વારા કાર્યવાહી કરી સસ્પેન્ડ કરવા જોઈએ. જેથી આગામી સમયમાં આવા કોઈ રાજકીય આગેવાનો કે નેતાઓ દ્વારા આવી અભદ્ર ટિપ્પણીઓ કરતા અટકાવી શકાય છે.

---

**નસવાડી પંચાયત કચેરીમાં બે નવા મદદનીશ ઈજનેરો મૂકાયા**

# નસવાડી પંચાયત કચેરીમાં વિકાસના કામોને ઈજનેર પહોંચી વળતા નથી

**પંચાયતમાં** મોટી સંખ્યામાં 59 ગ્રામ પંચાયતોમાં વિકાસના કામોની કામગીરી કરવાની હોય છે

(પ્રતિનિધિ) નસવાડી , તા. 2

નસવાડી પંચાયત માર્ગ મકાન વિભાગની કચેરીમાં નવી ભરતી થયેલા બે મદદનીશ ઈજેનરો ને મુકવામાં આવ્યા પરંતુ તેઓને મેજરમેન્ટ બુક લખવાની પરમિશન નથી જયારે તાલુકા પંચાયત ના મદદનીશ ઈજેનર ને પંચાયત માર્ગ મકાન વિભાગનો ચાર્જ આપવામાં આવ્યો ત્યારે તાલુકા પંચાયતમાં મોટી સંખ્યામાં 59 ગ્રામપંચાયતોમાં વિકાસના કામોની કામગીરી કરવાની હોવાથી તાલુકા પંચાયત ના ઈજેનર પહોંચી નથી વળતા.

છોટાઉદેપુર જિલ્લા પંચાયત માર્ગ મકાન વિભાગ ના તાબા માં ચાર તાલુકામાં પંચાયત માર્ગ મકાન વિભાગ ની પેટા કચેરીઓ આવેલી છે જયારે નસવાડી સંખેડા પાવીજેતપુર અને છોટાઉદેપુર આ ચાર તાલુકાઓમાં કચેરીઓ આવેલી છે 10 જેટલા નવા મદદનીશ ઈજેનર અને અધિક મદદનીશ ઈજેનરની ભરતીમાં ફળવાતાં ચાર તાલુકામાં નવા ઈજેનરો ની નિમણુંક કરવામાં આવી પરંતુ આ ઈજેનરો ને સરકાર ના નિયમો અનુસાર 6 માસ નોકરી ના થાય ત્યાં સુધી મેજરમેન્ટ બુકમાં વિકાસના કામોના માપ લખવા દેવાનો પાવર હોતો નથી જયારે નસવાડી પંચાયત માર્ગ મકાન વિભાગ ની કચેરી માં મદદનીશ ઈજેનર મેજરમેન્ટ બુક માં લખવાનો પાવર ના હોવાથી નસવાડી તાલુકા પંચાયત ના ઈજેનર ને પંચાયત માર્ગ મકાન વિભાગની કચેરી નો ચાર્જ આપવામાં આવ્યો જેના કારણે બે કચેરી માં એકજ ઈજેનર ફરજ બજાવતો હોવાથી વિકાસના કામોમાં પૂરતો સમય આપી શકતા નથી.

---

**મધરાત્રીએ દુકાનમાંથી ભાગતા ઈસમને પોલીસને હવાલે કર્યો**

# વાઘોડિયામાં સાંઈ પ્રોવિઝન સ્ટોરમાં ચોરી કરી આગ ચાંપનાર ઈસમની અટકાયત

**નાની મોટી** ચોરીનો પુછપરછ દરમ્યાન ભેદ ઉકેલાશે

(પ્રતિનિધિ) વાઘોડિયા, તા. 2

વાઘોડિયા નગરમાં ગઈ મધ્ય રાત્રીએ મુખ્ય બજારમાં આવેલ કુમાર શાળા પાસેની સાંઈ જનરલ સ્ટોર નામની દુકાનમાં લાગેલી આગ મામલે સ્થાનિકોએ એક સખ્સને પકડીને પોલીસને સોંપતા પોલીસે એકની અટકાયત કરી છે.જોકે આ ઈસમ ટાઉનની અન્ય ચોરીમા સંડોવાયેલો છે કે કેમ તે દિશામા પણ પોલીસે તપાસ હાથ ધરી છે.ભરત શંકરભાઈ

રાઠોડિયા (20) રહે. એસટી ડેપો પાસે, વાઘોડિયાનાઓ એ દુકાનમાં ચોરી કરવાના ઈરાદે બાજુની દુકાનની છત ઉપર ચડી વેપારી રાજેશ ગોવીંદલાલા શાહના દુકાનની કાચની બારી તોડી દુકાનમાં પ્રવેશી 2600 ની રોકડ ચોરી કરી દુકાનને આગ લગાવી હતી અને આ દુકાને આગ લાગવાથી અનાજ કરીયાણુ સહિતની ચિજવસ્તુઓ બળી જતા આશરે ત્રણ લાખનું નુકસાન થયું હતુ. ઘટના સમયે ચોરી કરી આગચાંપી ભાગવા જતા ભરત રાઠોડિયાને લોકોએ જડપી પાડી પોલીસને સોંપ્યો હતો. દુકાનના માલિક રાજેશ ગોવિંદલાલ શાહે આરોપી સામે પોલીસમા ફરિયાદ કરી હતી. વાઘોડિયા પોલીસે ચોરી કરી આગ ચાંપનાર યુવાનની અટકાયત કરી તપાસ હાથ ધરી હતી.

---

# દુગ્ધા ગામના ખેડૂતને 20 વર્ષથી જમીનનું વળતર ના ચૂકવાતા તંત્ર સામે મોરચો માંડયો

**જમીનનું** વળતર મેળવવા માટે ખેડૂતનાના પિતા અને દાદાએ અગાઉ કચેરીઓમાં ધરમધક્કા ખાધા હતા

(પ્રતિનિધિ) નસવાડી , તા. 2

નસવાડી તાલુકાના દુગ્ધા ગામના ખેડૂત ને 20 વર્ષ થી જમીન નું વળતર પંચાયત માર્ગ

મકાન વિભાગ ના ચૂકવતા ખેડૂતે 50 ગામોને જોડતો રસ્તો પથ્થરો અને વીજપોલ મૂકીને બંધ કરી દીધો તંત્ર ના અધિકારીઓ ખેડૂત ને જમીન નું વળતર ના આપતા આખરે ખેડૂતે તંત્ર સામે મોરચો માંડ્યો હતો.

જ્યારે તંત્ર ના અધિકારીઓ આ ખેડૂત ની રજૂઆત સાંભળતા ના હતા આદિવાસી ખેડૂત કચેરીઓના ધક્કા ખાઈ ને હેરાન પરેશાન થઈ ગયો હતો આખરે કંટાળી જઈને દુગ્ધા થી ધારસીમેલ જવાનો મુખ્ય રસ્તો બુધવાર ના રોજ વહેલી સવાર થી બંધ કરી દીધો હતો જ્યારે ખેડૂત ના જણાવ્યા મુજબ એક માસ પહેલા પંચાયત માર્ગ મકાન વિભાગની કચેરીને લેખિતમાં રજૂઆત કરી કે એક માસ માં વળતર નહીં મળે તો રસ્તો બંધ કરી દઈશ પરંતુ પંચાયત માર્ગ મકાન વિભાગ ના અધિકારીઓ ખેડૂત ની આ રજૂઆત ને કચરા ટોપલી માં નાખી દીધી જ્યારે આ ખેડૂત ઉશ્કેરાઈને રસ્તા ઉપર વીજપોલ અને પથ્થરો મૂકીને રસ્તો બંધ કરી દીધો હતા.

# સગીર વયની દીકરીનું શંકાના આધારે અપહરણની ફરિયાદ

(પ્રતિનિધિ) શિનોર , તા. 2

શિનોર તાલુકાના સાધલી મુકામે રહેતી જશોદાબેન રમેશભાઈ મનાજી વણઝારા દ્વારા શિનોર પોલીસ મથકે પોતાની સગીર વયની દીકરીને શંકાના આધારે મહેશ વણજારા અપહરણ કરી ગયા ની ફરિયાદ નોંધાવેલ છે. શિનોર તાલુકાના સાધલી મુકામે લાલજી નગર માં રહેતી ફરિયાદી જશોદાબેન રમેશભાઈ વણઝારા દ્વારા શિનોર પોલીસ મથકે રમેશ મનુભાઈ વણજારા સાથે થયા હતા અને લગ્ન સમય દરમિયાન એક દીકરી તથા એક દીકરાનો જન્મ થયો હતો. દીકરી ની ઉંમર ૧૬ વર્ષ ધોરણ સાત સુધી અભ્યાસ કરેલો હતો અને બાબો રાહુલ ઉંમર વર્ષ ૧૪ જે હાલ અભ્યાસ કરે છે. દીકરીનું પૂંછતા તેને જણાવ્યું કે તે આઈબ્રો કરાવવા ગયેલ છે. જશોદા બપોરના બે વાગ્યા સુધી પોતાની દીકરી ઘરે આવેલ ના હોવાથી બ્યુટી પાર્લરમાં અને સગા સંબંધીઓમાં તથા આડોશ પડોશમાં તપાસ કરી હતી.